# રેલ ભાડામાં ૨૦ ટકા સુધીનો વધારો

## સેકન્ડ ક્લાસ મેલ એક્સપ્રેસ ભાડામાં પ્રતિકિલોમીટર ૪ પૈસા વધ્યા : ૬૬૦૦ કરોડ ઉભા કરાશે

### હાઈસ્પીડ બૂલેટ ટ્રેન શરૂ કરવા નાણાં ઉભા કરાશે

૧૦ વર્ષમાં પ્રથમ વખત રેલવે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા દિવસથી યાત્રી ભાડામાં વધારો ઝીંકવાને લઈને હિલચાલ ચાલી રહી હતી. આખરે પવનકુમાર બંસલે ભાડામાં વધારાની જાહેરાત કરી હતી. મળેલી માહિતી મુજબ સરકારે બે વહત્વકાંક્ષી પ્રોજેક્ટો માટે નાણાં ઉભા કરવાના હેતુસર આ વધારો કર્યો છે. જે બે પ્રોજેક્ટો ખૂબજ મહાકાય છે અને તેમાં જંગી નાણાંની જરૂર છે તે હાઈસ્પીડ બૂલેટ ટ્રેન અને ડેડીકેટેડ ફ્રેટ કોરિડોરનો સમાવેશ થાય છે. ફ્રેટ કોરિડોર બનાવવા માટે એક લાખ કરોડની જરૂર પડશે જે ૨૭000 કરોડના મંત્રાલયના પ્રાથમિક અંદાજ કરતા ચારગણી વધુ રકમ છે. રેલવે પાસે આવા જંગી પ્રોજેક્ટને હાથ ધરવા માટે પૂરતા નાણાં નથી. સરકાર પણ આટલી જંગી રકમ આપવાની સ્થિતિમાં નથી. આ તમામ બાબતને ધ્યાનમાં લઈને હિલચાલ હાથ ધરાઈ છે. જંગી બૂલેટ ટ્રેન ખર્ચને પહોંચી વળવા નાણાં જરૂરી છે. ૨૦૧૫ સુધી પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડમાં આ હિલચાલ આગળ વધશે. દિલ્હી-મુંબઈ રેલવે નેટવર્ક સહિત સાત કોરિડોરની પસંદગી ફિઝિબિલીટી અભ્યાસ માટે કરવામાં આવી છે.



### નવા ભાડાનો ચાર્ટ......

નવા ભાડા ૨૧મી જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવનાર છે. ૧૦ વર્ષમાં પ્રથમ વખત યાત્રી ભાડામાં વધારો કરાયો છે. રેલવેને આનાથી જંગી આવક થશે. રેલવે હાલમાં નાણાકીય કટોકટીમાંથી પસાર થઈ રહ્યુ છે. રેલવેની સ્થિતિને સુધારવા તમામ વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી હતી. આખરે ભાડા વધારો ઝીંકી દેવાયો છે. નવા ભાડાનો ચાર્ટ નીચે મુજબ છે.

- સેકન્ડ ક્લાસ મેલ એક્સપ્રેસ ટ્રેન ભાડામાં પ્રતિ કિલોમીટર ચાર પૈસાનો વધારો
- સ્લીપર ક્લાસ ભાડામાં પ્રતિ કિલોમીટર છ પૈસાનો વધારો
- એસી ચેર કારમાં પ્રતિકિલોમીટર ૧૦ પૈસાનો વધારો
- એસી ટુ ટાયરમાં અગાઉ ૧૫ પૈસાનો વધારો કરાયો હતો હવે વધુ ત્રણ પૈસાનો વધારો કરાયો
- એસી ફસ્ટક્લાસ, એક્ઝિક્યુટીવ ક્લાસમાં અગાઉ ૩૦ પૈસાનો વધારો કરાયો હતો હવે વધુ ૧૦ પૈસાનો પ્રતિ કિલોમીટર વધારો કરાયો
- સેકન્ડ ક્લાસ ઓર્ડિનરી ઉપનગરિય ભાડામાં પ્રતિકિલોમીટર બે પૈસાનો વધારો
- સેકન્ડ ક્લાસ ઓર્ડિનરી બિન ઉપનગરિયમાં પ્રતિકિલોમીટર ત્રણ પૈસાનો વધારો

નવી દિલ્હી, તા.૯

ટ્રેન યાત્રા વધુ મોંઘી બનાવી દેવામાં આવી છે. ૧૦ વર્ષમાં પ્રથમ વખત કેન્દ્રિય રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે યાત્રી ભાડામાં ૨૦ ટકા સુધીનો વધારો ઝીંકી દીધો હતો. આ નવા ભાડા ૨૧મી જાન્યુઆરીથી અમલી બનાવી દેવામાં આવશે. રેલવેની હાલત હાલમાં કફોડી બનેલી છે. રેલવેને નાણાંકીય મુશ્કેલીમાંથી બહાર કાઢવાના હેતુસર યાત્રી ભાડામાં વધારો કરી દેવામાં આવ્યો છે. તેમણે કહ્યુ હતુ કે રેલવે ભાડામાં નજીવો વધારો કરી દેવામાં આવ્યો છે. સેકન્ડ ક્લાસના રેલવે ભાડામાં બે પૈસા પ્રતિ કિલોમીટરનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે રેલવેના સ્લીપર ક્લાસમાં છ પૈસા પ્રતિ કિલોમીટરનો વધારો કરવામાં આવ્યો છે. સેકન્ડ ક્લાસમાં બે પૈસા પ્રતિ કિલોમીટર રેલવે ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. એસી ફસ્ટ ક્લાસમાં પ્રતિ કિલોમીટર ૧૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. રેલવે પ્રધાને કહ્યુ છે કે બજેટ દરમિયાન રેલવે ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. વધારવામાં આવેલા યાત્રી ભાડા ૨૧મી જાન્યુઆરીથી અમલી બનાવવાં આવશે. નવા ભાડા અમલી બનાવવામાં આવ્યા બાદ યાત્રીઓ પર વધુ બોજ પડશે. ભારતીય રેલવે યાત્રી ભાડામાં વધારો કરી ૬૬00 કરોડ રૂપિયા ઉભા કરશે. રેલવે પ્રધાનનું કહેવું છે કે ભાડા વધારા મારફતે એકત્રિત કરવામાં આવનાર રકમનો ઉપયોગ સાફ સફાઈ, જાળવણી અને સુરક્ષા પર ખર્ચ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે રેલવે સુરક્ષાની જરૂરિયાતોને પહોંચી વળવા તમામ પ્રયાસ કરી રહ્યુ છે. રેલવે બજેટમાં હવે કોઈ વધારાની શક્યતા દેખાઈ રહી નથી. નવા ભાડાના ચાર્ટ ઉપર નજર કરવામાં આવે તો દરેક ભાડામાં આંશિક વધારો કરવામાં આવ્યો છે. સરકારે બે મહત્વકાંક્ષી પ્રોજેક્ટો હાઈસ્પીડ બૂલેટ ટ્રેન અને ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર માટે નાણા ઉભા કરવા પણ યોજના ધરાવે છે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ કહ્યુ છે કે ફ્રેટ કોરિડોર બનાવવા માટે એક લાખ કરોડની જરૂર પડશે જે મંત્રાલયના પ્રાથમિક અંદાજ ૨૭000 કરોડ કરતા ચાર ગણી વધુ રકમ છે. રેલવે પાસે આવા મહાકાય પ્રોજેક્ટો હાથ ધરવા માટે પુરતા નાણાં નથી. સરકાર વધુ પડતા નાણાં ઉભા કરવાની સ્થિતિમાં નથી. નાણાં મંત્રી પી ચિદમ્બરમ પહેલાથી જ કહી ચુક્યા છે કે જુદા જુદા મંત્રાલયો માટેની ફાળવણીમાં વધારો કરતા પહેલા ધ્યાન આપવામાં આવશે. પેનલે નાણાંકીય સ્થિતિને મજબુત કરવા તૈયારી હાથ ધરી લીધી છે. ઉર્જા ખર્ચ અને વાસ્તવિકતાઓને ધ્યાનમાં લઈને આ વધારો કરવામાં આવ્યો છે. પેનલે કહ્યુ છે કે ભાડામાં વધારો થવાથી ઘણી સમસ્યાઓ હલ થશે. ૨૦૧૫ સુધી જાહેર-ખાનગી પાર્ટનરશિપ મોડમાં બૂલેટ ટ્રેન શરૂ કરવાની હિલચાલ હાથ ધરાઈ છે. દિલ્હી-મુંબઈ રેલવે નેટવર્ક સહિત ફિઝિબિલીટી અભ્યાસ હાથ ધરવા માટે સાત કોરિડોરની પસંદગી કરવામાં આવી છે.

## સમાચાર ઝલક

- સરકાર ૬ ને બદલે ૯ રસોઇ ગેસ સિલિન્ડરો આપવાની તૈયારીમાં.
- ભારતમાં શરીયતના કાયદાના અમલ માટે જંગ છેડવાની ધમકી આપતું તાલિબાન.
- હીરાજડીત કારને ફર્સ્ટ લુક જોવા ભારે ભીડ ઉમટી.
- ભારતની નિકાસમાં ગુજરાતનો હિસ્સો એક તૃતીયાંશ થઇ જશે.
- સલમાન ખાનને બિગ બોસનાં એપિસોડ દીઠ રૂા. ૭.૭૫ કરોડ મળે છે.
- વિરપુરમાં પાણી પ્રશ્ને સતત ત્રીજા દિવસે પળાયેલાં બંધ, ધારાસભ્ય પણ ગ્રામજનો સાથે ઉપવાસમાં જોડાયા.
- માઓવાદી સાથે અડથામણમાં ૧૩ સી.આર.પી.એફ.નાં જવાનો શહિદ.
- શિરડી સાંઇબાબા મંદિરમાં ૫૦ કરોડથી વધુ દાગીના, દેશનાં સૌથી ધનાઢ્ય મંદિરોમાં તેની ગણના થાય છે.
- અમિતાભ બચ્ચન પર ૧.૬૬ કરોડની ટેક્સ ચોરીનો આક્ષેપ, સુપ્રીમની નોટીસ.
- શિયાળો વધુ કાતિલ બનતાં ખેડૂતોને શાકભાજી, કઠોળ, તેલિબિયાંની ચિંતા.
- ગુજરાત કેડરના આઇ.એ.એસ. ઓફિસર રાવજી ટકરૂ કેન્દ્ર સરકારના નાણાં વિભાગના સચિવ બન્યાં.
- સાઉદી અરેબિયામાં ૧૫ વર્ષીય કન્યાને છૂટાછેડા આપી દેવા ૯૦ વર્ષના વૃધ્ધને કોર્ટનો હુકમ.
- પૂર્વજોના વતનમાં આવીને મોરેશિયનના વડાપ્રધાન ભાવવિભોર બન્યાં.
- કરાંચીમાં મસ્જિદના મૌલવી સહિત ૬ની ટાર્ગેટ કિલીંગ.

## ઉત્તર પૂર્વીય પ્રદેશમાં ૫.૯ તીવ્રતાનો ભૂકંપનો આંચકો


શિલોંગ, તા.૯

સમગ્ર ઉત્તર પૂર્વય પ્રદેશમાં આજે ભૂકંપનો આંચકો નોંધાયો હતો જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. સવારે ૭.૧૨ વાગે ઉત્તર પૂર્વીય પ્રદેશમાં આ આંચકો આવ્યો હતો જેની તીવ્રતા ૫.૯ જેટલી આંકવામાં આવી છે. લોકો દહેશતના કારણે ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. ભારત મ્યાનમાર સરહદ ઉપર આવેલા વિસ્તારમાં ભૂગર્ભમાં ભૂકંપની કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપની અસર થોડાક સેકન્ડ સુધી રહી હતી. આ પ્રદેશમાં આવેલા તમામ શહેરો હચમચી ઉઠ્યા હતા. મુખ્ય કેન્દ્રના સંબંધમાં કોઈ વાત કરવામાં આવી નથી. જે વિસ્તારમાં ભૂકંપની સૌથી વધુ અસર જોવા મળી હતી તેમાં ઈટાનગર, અગરતલા, ગુવાહાટી, કોહીમા ઈમ્ફાલનો સમાવેશ થાય છે. ઈમ્ફાલથી પ્રાપ્ત અહેવાલ મુજબ મણીપુરમાં ભૂકંપનો આંચકો આશરે ૧ મિનિટ સુધી અનુભવાયો હતો. જો કે જાનમાલનું નુકસાન ટળી ગયું છે. લોકો ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા અને ભૂકંપની ચર્ચા રહી હતી. આંચકાને લઈને તંત્ર દ્વારા પણ સ્પષ્ટતા કરી દેવામાં આવી છે. હિમાલયમાં વિનાશકારી તીવ્રતા સાથેનો આંચકો આવી શકે છે તેવી ચેતવણી થોડાક સમય પહેલાં જ જારી કરવામાં આવી હતી ત્યારબાદથી વૈજ્ઞાનિકો ચર્ચામાં વ્યસ્ત રહ્યા છે. મિઝોરમ જીયોલોજી એન્ડ મિનરલ રિસોર્સ વિભાગના સંયુક્ત વડાનું કહેવું છે કે ભૂકંપનું કેન્દ્ર નાગાલેન્ડના ફેક જિલ્લામાં હોવાનું જાણવા મળ્યું છે. તેમને કહ્યું છે કે ભૂકંપ અંગે ટેકનીકલ માહિતી આસામમાં જોરહાટ ખાતે આવેલી નોર્થ ઈસ્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના ભૂકંપ સાથે સંબંધિત વિભાગ પાસેથી મળી છે. ભૂકંપની તીવ્રતા ૫.૯ હોવા છતાં લોકોને નુકસાન થયું નથી.

## ઝારખંડના રાજ્યપાલ સઈદ અહેમદે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની કરેલી ભલામણ

નવી દિલ્હી, તા.૯

ઝારખંડના રાજ્યપાલ સઈદ અહેમદે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી હોવાની માહિતી મળી છે. વિધાનસભાને સુસુપ્ત અવસ્થામાં રાખવાની વાત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. ઉચ્ચસ્તરિય સૂત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે મુખ્યમંત્રી અર્જુન મુંડાના રાજીનામા બાદ ઉભી થયેલી રાજકીય સ્થિતિ અંગે કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલા તેમના અહેવાલમાં આ મુજબની ભલામણ કરવામાં આવી છે. મુંડાએ વિધાનસભાને વિખેરી નાંખવાની ભલામણ કરી છે. અગાઉ તેમની સરકારને ઝારખંડ મુક્તિ



મોરચા દ્વારા ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. કેન્દ્રિય પ્રધાન સુશીલકુમાર શિંદેએ વધુ વિગત આપવાનો ઈન્કાર કરતા જણાવ્યું છે કે ઝારખંડના રાજ્યપાલ તરફથી પ્રાથમિક અહેવાલ મળ્યો હોવાનું જાણવા મળ્યુ છે. મુંડાએ ગઈકાલે રાજીનામુ આપી દીધુ હતુ. તેમની કેબિનેટે વિધાનસભાને વિખેરી નાંખવાની ભલામણ કરી હતી. ઝારખંડમાં વર્તમાન રાજકીય કટોકટી એ વખતે ઉભી થઈ ગઈ હતી જ્યારે શાસક ભાજપ ગઠબંધનના ભાગીદાર જેએમએમે ૨૮ મહિના જુની સરકારને ટેકો પાછો ખેંચી લેવાની જાહેરાત કરી હતી. આનાથી સરકાર લઘુમતિમાં આવી ગઈ હતી. ૮૨ સભ્યોની વિધાનસભામાં ભાજપ અને જેએમએમ ૧૮-૧૮ સભ્યો ધરાવે છે. મુંડા સરકાર ઓલ ઝારખંડ સ્ટૂડન્ટ યુનિયનના છ, જેડીયુના બે, અપક્ષના બે સભ્યોનો ટેકો ધરાવતી હતી. કોંગ્રેસ ૧૩ સભ્યો ધરાવે છે. રાજ્યમાં હાલ ગંભીર સ્થિતિ ઉભી થઈ ગઈ છે.

## વનટાઈમ સ્પેક્ટ્રમ ફીથી ૨૪,000 કરોડ મળશે

નવી દિલ્હી, તા.૯

સરકાર વનટાઈમ સ્પેક્ટ્રમ ફીથી ૨૪000 કરોડની રકમ ઉભી કરવાની યોજના ધરાવે છે. નક્કી કરવામાં આવેલી મર્યાદા કરતા વધુ રેડિયો વેવ્સ મેળવવા બદલ પ્રવર્તામન ઓપરેટરો પર લાદવામાં આવેલા ટેક્સ મારફતે આ રકમ ઉભી કરવામાં આવનાર છે. સૂત્રોએ કહ્યુ છે કે સંબંધિત ચાર્જમાંથી ૪૨૫૧.૮૩ કરોડ રૂપિયા ઉભા કરાશે.

એકંદરે વનટાઈમ સ્પેક્ટ્રમ ફીમાંથી ૨૩૯૭૭.૬૫ કરોડ રૂપિયા ઉભા કરાશે. ટેલિકોમ ઓપરેટર ભારતી એરટેલ, વોડાફોન, આઈડિયા સેલ્યુલર, બીએસએનએલ, એમટીએનએલ, એરસેલ, રિલાયન્સ કોમ્યુનિકેશનને વનટાઈમ સ્પેક્ટ્રમ ફીની ચુકવણી કરવી પડશે. જેના માટે ડિમાન્ડ નોટિસ આ સપ્તાહમાં જ જારી કરવામાં આવનાર છે. અગાઉ ટેલિકોમ ઓપરેટરોને પાન ઈન્ડિયા ઓપરેશન માટે ૧૬૫૮ કરોડની કિંમતે લાઈસન્સ સાથે ૪.૪ એમએચઝેડ આપવામાં આવ્યા હતા. નવેમ્બર મહિનામાં સરકારે એવો નિર્ણય કર્યો હતો કે પ્રવર્તમાન ઓપરેટરોને ૬.૨ એમએચઝેડથી વધુ રાખવા બદલ નાણાં ચૂકવવા પડશે. ૪.૪ એમએચઝેડથી વધુ સ્પેક્ટ્રમ માટે બાકીના ગાળા માટે નાણાં ચૂકવવા પડશે.

## સબસિડી વાળા સિલિન્ડરની સંખ્યા નવ કરાશે

નવી દિલ્હી, તા.૯

પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા કેન્દ્રિય કેબિનેટ સમક્ષ ડિઝલની કિંમતોમાં વધારો કરવા અને સબસિડી વાળા સિલિન્ડરોની સંખ્યા વધારવા સાથે સંબંધિત દરખાસ્ત રજુ કરી દીધી છે. સબસિડી વાળી સિલિન્ડરોની સંખ્યા વર્તમાન છથી વધારીને નવ કરી દેવાની આ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. ઓઈલ મંત્રાલયના નજીકના સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. સૂત્રોનું કહેવું છે કે ગયા સપ્તાહમાં કેન્દ્રિય કેબિનેટ સમક્ષ આ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. આમાં ૧૦ મહિના સુધી દર મહિને રૂપિયા એકનો ડિઝલની કિંમતમાં વધારો કરવાની ભલામણનો સમાવેશ થાય છે. આનો મતલબ એ થયો કે આગામી ૧૦ મહિનામાં ડિઝલની કિંમતમાં ૧૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે. સરકાર એલપીજી સિલિન્ડરો પરની મર્યાદા વર્તમાન છથી વધારીને નવ કરવા પર પણ વિચારણા કરી રહી છે. કેબિનેટની દરખાસ્ત રજુ થઈ ચુકીછે પરંતુ આવતીકાલે મળનારી મિટિંગમાં આ મુદ્દો હાથ ધરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભારત તેની ફ્યુઅલની જરૂરિયાત પૈકી ૮૦ ટકા ફ્યુઅલની આયાત



કરે છે. જુન ૨૦૧૦માં પેટ્રોલની કિંમત અંકુશમુક્ત કરવામાં આવી હતી પરંતુ ડિઝલની કિંમતો સરકાર દ્વારા નિયંત્રણમાં રાખવામાં આવે છે. વડાપ્રધાન મનમોહનસિંહે પણ હાલમાં જ કહ્યુ હતુ કે વૈશ્વિક કિંમતોની જેમ જ સ્થાનિક ફ્યુઅલની કિંમતો પણ સુધરવી જોઈએ. દરમ્યાન સૂત્રોના જણાવ્યા મુજબ સબસીડીવાળા અથવા તો સસ્તા સિલિન્ડરમાં જાન્યુઆરીથી માર્ચ સુધી ૧૩૦ રૂપિયાનો વધારો કરવામાં આવી શકે છે. ડીઝલની કિંમતમાં પણ વધારો કરવામાં આવનાર છે. ત્રણ મહિનાના ગાળા દરમિયાન ડીઝલમાં સાડા ચાર રૂપિયાનો વધારો કરવામાં આવી શકે છે. આવી જ રીતે કેરોસીનમાં દર મહિને ૩૫ પૈસાના વધારા અથવા તો ૨૦૧૫ સુધી દરેક ત્રિમાસીક ગાળામાં એક રૂપિયાનો વધારો કરવામાં આવી શકે છે. ઓઈલ કંપનીઓ આઈઓસી, બીપીસીએલ, એચપીસીએલને સિલિન્ડરોની કિંમતમાં માર્ચ ૨૦૧૩ સુધી ૧૩૦ રૂપિયા વધારવાની મંજૂરી આપવાની વાત પણ કરવામાં આવી ચૂકી છે. અન્ય કેટલાક વિકલ્પો પણ રહેલા છે. જે અન્ય વિકલ્પ છે તેમાં સબસિડીવાળા સિલિન્ડરોની કિંમતમાં તાત્કાલિક રીતે ૬૫ રૂપિયાનો વધારો કરવાની વાત કરવામાં આવી છે. ત્યારબાદ બીજા ૬૫ રૂપિયાનો વધારો માર્ચ સુધી કોઈપણ સમયે કરવામાં આવી શકે છે.

## બજેટ સત્રમાં વિમા બીલ રજૂ કરવાનો નિર્ણય થયો

નવી દિલ્હી, તા.૯

સંસદના બજેટ સત્રમાં ખૂબ જ ચર્ચાસ્પદ વિમા કાયદા સુધારા બિલ રજૂ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. તેના વર્તમાન સ્વરૂપમાં આ સુધારા બિલને રજૂ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. આ બિલમાં સેક્ટરમાં ૪૯ ટકા વિદેશી રોકાણની જોગવાઈ કરવામાં આવી છે.

વર્તમાન સ્વરૂપમાં બિલને રજૂ કરવાને લઈને કેટલાક રાજકીય પક્ષોએ વિરોધ પણ કર્યો છે. બિલમાં વિદેશી મૂડીરોકાણની મર્યાદા ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવાની વાત કરવામાં આવી છે. ભાજપે અગાઉ વિદેશી મૂડીરોકાણકારો માટે મર્યાદાને વધારવા સામે વિરોધ કર્યો હતો પરંતુ એફડીઆઈની મર્યાદા ૨૬ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યા બાદ સહમતી દર્શાવવામાં આવી હતી. એફઆઈઆઈ માટે ૨૩ ટકાની મર્યાદા રાખવામાં આવી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે સરકાર આ ક્ષેત્રમાં આગળ વધવા માગે છે. એક વરિષ્ઠ કેબિનેટ પ્રધાને નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે કોઈ સમાધાન કરાશે નહીં. વર્તમાન સ્વરૂપમાં બિલને રજૂ કરવામાં આવશે. ચાવીરૂપ સાથી પક્ષો રિટેલમાં એફડીઆઈના કેસની જેમ જ એક સાથે આવશે. આનાથી પેન્શન સેક્ટરમાં ૪૯ ટકા વિદેશી રોકાણનો માર્ગ મોકળો થશે. ભાજપે શરૂઆતમાં વિરોધ કર્યો હતો. રાજકીય રીતે ચર્ચાનો દોર હજુ પણ ચાલી રહ્યો છે.

## બિહારમાં આસારામ બાપુ સામે કેસ કરાયો

મુઝફરપુર, તા. ૯

દિલ્હી ગેંગ રેપના મામલે બફાટ કરનારા જાતે બની બેઠેલા ધર્મગુરુ આસારામ બાપુ સામે બિહારની એક સ્થાનિક કોર્ટમાં કેસ ફાઈલ કરાયો છે. અને કોર્ટે આ કેસની ગંભીર નોંધ લીધી છે. એડવોકેટ સુધીરકુમાર ઓઝાએ આસારામ સામે ફરિયાદ દાખલ કરીને કેસ કરતાં જણાવ્યું હતુંકે, આ પ્રકારની ટકોર કરી શકાય નહીં. તેમણે ઈન્ડીયન પીનલ કોડ (આઈપીસી)ની વિવિધ કલમ હેઠળ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ એસ. પી. સિંઘની કોર્ટમાં કેસ કર્યો હતો. પીટીશનમાં તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આસારામે સમગ્ર મહિલા વર્ગનું અપમાન કર્યું છે અને આવી વિવાદાસ્પદ કોમેન્ટ કરીને પ્રજાની લાગણી દુભાવી છે.

આસારામે તાજેતરમાં જ એવી કોમેન્ટ કરી હતી કે, દિલ્હી ગેંગ રેપમાં એક હાથે તાળી પડી ના હોય પરંતુ તેમાં તે યુવતીનો પણ દોષ હતો. તેણે આરોપીઓને ભાઈ કહીને વિનંતી કરી હોય તો આ ઘટના બની ના હોત. આ અહેવાલ મીડીયામા પ્રકાશિત થયા બાદ આસારામ વધુ બેફામ બન્યા હતા. અને તેમણે મીડિયાને ભસતા કૂતરા કહ્યા હતા. જોકે બુધવારે સવારે તેઓ થોડા નરમ પડ્યા હતા. અને કહ્યું હતુંકે, મેં આવું કાંઇ કહ્યું નથી. તેમ છતાં મેં જો કોઈ ખોટું કર્યું હોય તો માફી માંગવા તૈયાર છું.

પીટીશનમાં સુધીર ઓઝાએ આસારામને કડકમાં કડક સજા કરવા કોર્ટને અરજ કરી હતી.

### હુમલો ભારતને સ્પષ્ટ ચેતવણી રૂપે છે : જેટલી

## ભારતીય જવાનોની હત્યાના કૃત્યને ભાજપે વખોડી કાઢ્યો

મુંબઈ, તા.૯

પાકિસ્તાની સેના દ્વારા બે ભારતીય જવાનોની ઘાતકી હત્યાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને ભાજપે આજે કહ્યુ હતુ કે ભારતનો આ ચેતવણી છે. આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ તમામ વાસ્તવિકતા રજુ કરવા ભાજપે સરકારને અપીલ કરી છે. વિશ્વસમુદાય સમક્ષ ઈસ્લામાબાદની ઝાટકણી કાઢવામાં આવે તે અતિ જરૂરી છે. ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ પડોશી દેશ સાથે સંબંધોમાં કઈ બાબત કરવી જોઈએ અને કઈ બાબત ન કરવી જોઈએ તે અંગે સ્પષ્ટ પરિભાષા નક્કી કરવી જોઈએ. પાકિસ્તાન દ્વારા બે ભારતીય જવાનોની ક્રૂર હત્યા દર્શાવે છે કે પાકિસ્તાનના ખતરનાક ઈરાદા રહેલા છે. જ્યાં સુધી બિનઉશ્કેરણીજનક હુમલાની વાત છે ભારત સરકાર માટે આ ચિંતાની વાત છે. પાકિસ્તાનો હજુ પણ દરેક હુમલાને રદિયો આપ્યો છે જેથી પાકિસ્તાની સેનાના અધિકારીઓની ઓળખ સહિતના પુરાવા એકત્રિત કરવા જોઈએ. સાથે સાથે આ હુમલા માટે જવાબદાર પાકિસ્તાની સેનાના જવાનોને પણ શોધી કાઢવા જોઈએ. આ તમામ વાસ્તવિકતા આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ રજુ કરવી જોઈએ જેથી પાકિસ્તાનની પ્રતિષ્ઠાને વૈશ્વિકસ્તરે અસર થાય. પાકિસ્તાન સરકાર સાથે ભારત જે રીતે આગળ વધી રહી છે તે બાબતમાં ભરી ધ્યાન આપવાની જરૂર છે. પાકિસ્તાનના મામલે ખૂબજ સાવધાનીપૂર્વકનું વલણ જરૂરી છે. ગઈકાલે કરવામાં આવેલા ઉશ્કેરણીજનક હુમલામાં પાકિસ્તાનના નિયમિત સૈનિકો જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરમાં ભારતીય પ્રદેશમાં ઘૂસણખોરી કરી ગયા હતા અને ભારતીય પેટ્રોલ ટુકડી પર હુમલો કરી દીધો હતો જેમાં બેની હત્યા કરી દેવામાં આવી હતી. ભાજપ સહિતના અન્ય રાજકીય પક્ષોએ પણ હુમલાને વખોડી કાઢ્યો છે. પાકિસ્તાનના સૈનિકોએ નવા વર્ષમાં પણ અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને સરહદ પર ગોળીબાર કર્યો છે. જેના લીધે સરહદ ઉપર હંમેશા તંગદિલી રહી છે. ગઈકાલનું કૃત્ય ભારે આઘાતજનક છે.

## બીગ બોસમાંથી ડેલનાઝ ઈરાનીની હકાલપટ્ટી

મુંબઈ, તા. ૯

જાણીતા ટીવી શો બિગ બોસની છઠ્ઠી સિઝન આશ્ચર્યજનક રહી છે. અને તેમાં છેલ્લે મંગળવારે રાત્રે અભિનેત્રી ડેલનાઝ ઈરાનીની હકાલપટ્ટી કરવામાં આવી છે. મંગળવારે રાત્રે બિગ બોસે ભાગ લેનારા છ સ્પર્ધકોને ગાર્ડનમાં બોલાવ્યા હતા. અને ડેલનાઝ ઈરાનીને સ્થળ ખાલી કરીને ચાલ્યા જવા કહેવામાં આવ્યું હતું.

ડેલનાઝને તેનો ભૂતપૂર્વ પતિ રાજીવ કૌલને બે અલગ અલગ ટેબલ પર ઉભા રહેવાનું કહેવામાં આવ્યું હતું. અને જાહેર કરાયું હતું કે, ડેલનાઝને સૌથી ઓછા મત મળ્યા છે.

આમ તેને જાકારો આપી દેવામાં આવ્યો હતો. ડેલનાઝની બાદબાકીથી સૌને આશ્ચર્ય થયું હતું. ઓક્ટોબરના છેલ્લા સપ્તાહમાં આ શોની શરૂઆત થઈ ત્યારથી ડેલનાઝ તેમાં ભાગ લઈ રહી છે.